(તસવીર : દિપક જાની)

ચૂંટણી પ્રચારના પ્રથમ દિવસે સેક્ટર-૨૪માં શનિવારની સાંજે ભાજપની જાહેરસભા યોજાઈ હતી. રાષ્ટ્રીય અગ્રણી શ્રી અનંતકુમારે ભાજપના ઉમેદવારને મત આપવા અપીલ કરી હતી. આ સભામાં મહાનગર અને જિલ્લાના આગેવાનો સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

વડાપ્રધાનપદ માટે મોદી લાયક ઉમેદવાર : સુષ્મા

વડોદરામાં ભાજપના ચૂંટણી પ્રચાર માટે આવી પહોંચેલા લોકસભાના વિરોધપક્ષના નેતાએ મજબૂત સંકેત આપ્યા

અમદાવાદ તા.૧

લોકસભા વિરોધપક્ષના નેતા

સુષ્મા સ્વરાજે આજે વડોદરા ખાતે યોજાયેલી એક જાહેર સભાને સંબોધતા અગાઉ પત્રકારોના પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતુ કે નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનવાને સક્ષમ ઉમેદવાર છે અને તેઓ આ પદ માટે લાયક પણ છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રચાર માટે આજે વડોદરા આવી પહોંચેલા સુષ્મા સ્વરાજે હવાઈ મથક ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ભારોભાર વખાણ કર્યા હતા અને તેમને દેશના ભાવિ વડાપ્રધાન તરીકે વર્ણવી મજબુત રાજકીય સંકેત આપ્યા હતા.

તેમણે નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર ગુજરાતમાં ચૂંટણી જીતી હેટ્રિક કરશે અને આગામી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસનો ઘોર પરાજય થશે તેવી રાજકીય આગાહી કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ભાવિ વડાપ્રધાન તરીકે રજુ કરવા ભારતીય જનતા પાર્ટીમાં છેલ્લા ઘણા સમયથી રાજકીય કશ્મકશ ચાલી રહી છે. આ મુદ્દે ભાજપ વિભાજીત પણ થયુ હોવાનું જણાય છે. એક તરફ લાલ કૃષ્ણ અડવાણી જ વડાપ્રધાન બનવા જોઈએ તેવું ભાજપનું ગ્રુપ માની રહ્યુ છે ત્યાં બીજીતરફ ખુદ નરેન્દ્ર મોદીએ પડદા પાછળ પોતાની જાતને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે પ્રસ્તુત કર્યા બાદ હવે ધીરે ધીરે તેમના ટેકામાં અનેક ટોચના નેતાઓ બહાર આવી રહ્યા છે. આ અગાઉ ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ વેંકૈયા નાયડુ, ભાજપના ગુજરાતના પ્રભારી બલવીર પુંજ, ભાજપના સાંસદ અને જાણીતા એડવોકેટ રામ જેઠમલાણી સહિત અનેક નેતાઓએ નરેન્દ્ર મોદીને વડાપ્રધાન પદ માટે લાયક ઉમેદવાર ઠેરવ્યા બાદ આજે લોકસભા વિપક્ષના નેતા સુષ્મા સ્વરાજે પણ નરેન્દ્ર મોદીના ટેકામાં આ પ્રકારનું નિવેદન કરી મજબુત રાજકીય સંકેતો આપી દીધા છે.

ગાંધીનગર (ઉત્તર)માં સપા અને એનસીપીના ઉમેદવારીપત્રો અમાન્ય

એનસીપીના ઉમેદવાર ચતુરજી ઠાકોર અને સમાજવાદી પાર્ટીના અમરસિંહ ચૌહાણ સહિત ૬ ઉમેદવારીપત્રો રદ કરાયાં હતાં

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ઉત્તરની બેઠક પર આજે ૬ જેટલા ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ થયા હતા. જેમાં સમાજવાદી પાર્ટીના શ્રી અમરસિંહ ચૌહાણ તેમજ કોંગ્રેસના સાથી પક્ષ એન.સી.પી.ના અગ્રણી શ્રી ચતુરજી ઠાકોરના ઉમેદવારી પત્રો પણ અમાન્ય થયા હતા.

પ્રાંત અધિકારી શ્રી પ્રકાશ મકવાણાની કચેરીમાં આજે ઉમેદવારોની ચકાસણી દરમ્યાન સમાજવાદી પક્ષના ઉમેદવાર શ્રી અમરસિંહ ચૌહાણની ઉમેદવારી રદ કરવાનો નિર્ણય લેવાતાં તેમણે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

એક તબક્કે તેમના આ વિરોધને લઈ ચૂંટણી અધિકારીશ્રીએ પંચના અધિકારીઓ પાસેથી પણ માર્ગદર્શન મેળવ્યું હતું અને તેમણે પોતાનો નિર્ણય ચાલુ રાખ્યો હતો.

શ્રી ચૌહાણે રજુ કરેલા ઉમેદવારી પત્રમાં દરખાસ્ત કરનારા ટેકેદારોના નામ ગાંધીનગર ઉત્તર વિધાનસભા મતવિસ્તારના નહિ હોવાના જણાયા હતા. આ પછી તેમણે તેમના પક્ષને ૧૦ સમર્થકોની જરૂર નહિ હોવાની દલીલો કરી હતી. જો કે તે ચૂંટણી અધિકારીશ્રીએ ગ્રાહ્ય રાખી ન હતી.

કોંગ્રેસના સાથી પક્ષ એન.સી.પી.ના શ્રી ચતુરજી ઠાકોરનું ફોર્મ પણ આજે ચકાસણી દરમ્યાન રદ થયું હતું.

આજે ગાંધીનગર ઉત્તર બેઠક પર ૨૪ વર્ષના એક ઉમેદવારે ઉમેદવારીપત્ર ભર્યુ હોવાથી તેનું ઉમેદવારીપત્ર રદ કરાયું હતું. અપક્ષ ઉમેદવાર તરીકે ઉમેદવારી કરનાર વાડોદરા મનસુખભાઈની ઉંમર ૨૪ વર્ષ છે. ઉમેદવારી કરવા માટે ૨૫ વર્ષની વયમર્યાદા જરૂરી હોવાથી તેમનું ઉમેદવારીપત્ર રદ કરવામાં આવ્યું હતું.

ચૂંટણી નિરીક્ષકોની હાજરીમાં જિલ્લા વહીવટીતંત્રની સમીક્ષા બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૧

૧૭મી ડિસેમ્બરે યોજાનારી વિધાનસભાની સામાન્ય ચૂંટણી અંગેની તંત્રએ કરેલી તૈયારી અંગે આજે પંચ દ્વારા નિયુક્ત કરાયેલા નિરીક્ષકોની હાજરીમાં સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપ દ્વારા યોજવામાં આવી છે.

જિલ્લામાં ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થઈ ચુકયો છે અને હવે તંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પણ પૂરજોશમાં આરંભી દેવામાં આવી છે.

ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારીપત્રો ભરવાની તેમજ તેની ચકાસણીની પ્રક્રિયા સંપન્ન થઈ જવા પામી છે. સોમવારે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે. આ પછી તંત્ર દ્વારા મતદાન યોજવા અંગેની તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં મતદાન દિવસ પૂર્વે અર્થાત ૧૫મી ડિસેમ્બર સુધી મતદાન જાગૃત્તિ અભિયાન પણ યોજવામાં આવનાર છે. આ માટેના પણ અલગ અલગ કાર્યક્રમોનું આયોજન વિધાનસભા મતવિસ્તાર દીઠ તૈયાર કરવામાં આવ્યું છે તેમજ મતદાર જાગૃત્તિ અભિયાનમાં શાળાના બાળકો દ્વારા તેમના વાલીઓને મતદાન કરવાની અપીલ કરતા પત્રનું પણ વિતરણ કરવામાં આવનાર છે. આ અંગેની તૈયારીઓ પણ આરંભી દેવામાં આવી છે.

આજે યોજાયેલી સમીક્ષા બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી ઉપરાંત પાંચ સામાન્ય નિરીક્ષકો, પાંચ ચૂંટણી અધિકારીઓ તેમજ પાંચ લાયઝન અધિકારીઓ અને નોડલ ઓફિસરો હાજર રહેશે.

આ બેઠકમાં તંત્ર દ્વારા આચારસંહિતાના અમલ માટે લેવામાં આવેલા પગલાં તેમજ આચારસંહિતાના અમલ માટે કરવામાં આવી રહેલી કામગીરીની પણ ચર્ચાઓ થશે.

'ની' રીપ્લેસમેન્ટ ટેકનીક અંગે તબીબોની પરિષદ

અમદાવાદ, તા. ૧

ચંદ્ર-ની-ફાઉન્ડેશન દ્વારા આવતીકાલ તા. ૨જીને રવિવારના રોજ અમદાવાદની કોર્ટયાર્ડ મેરિએટ હોટલમાં 'ની-રિપ્લેસમેન્ટ ક્ષેત્રે થયેલા વિવિધ નવીનત્તમ સંશોધનો અને ટેકનીક અંગે 'ચન્દ્ર-ની-ફાઉન્ડેશન મીટ'નું આયોજન કર્યું છે.

શહેરના જાણીતા રિપ્લેસમેન્ટ સર્જન અને ચન્દ્ર-ની-કલીનીકના ડાયરેકટર ડો. કે. સી. મહેતાએ જણાવ્યું હતું કે, ચન્દ્ર-ની ફાઉન્ડેશન દ્વારા દર વર્ષે કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે. કોન્ફરન્સનો મુખ્ય આશય ની-રિપ્લેસમેન્ટ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા મેડીકલના વિદ્યાર્થીઓ અને યુવા ઓર્થોપેડિક સર્જનોને વિશ્વમાં ની-રિપ્લેસમેન્ટ સર્જરી ક્ષેત્રે થયેલી અત્યાધુનિક શોધ અને ટેકનોલોજીની માહિતી આપવાનો હેતુ છે. આ કોન્ફરન્સમાં વાંકા વળી ગયા હોય, બિલકુલ ચાલી ન શકતા હોય એવા ક્રિટીકલ કેસના દર્દીઓને ફિઝીયોથેરાપી વિના સફળ ઓપરેશનો કેવી રીતે કરી શકાય તે અંગે લેક્ચર આપશે.

ગાંધીનગરમાં દિવસે ઠંડી વધી

ગાંધીનગર, તા. ૧

ઠંડી ધીમે ધીમે તેનો રંગ જમાવી રહી છે. રાત્રે અને વહેલી સવારે તો ઠંડી લાગતી જ હતી. પરંતુ હવે તો મહત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. સુધી પહોંચી જતાં દિવસે ઠંડી વધવા માંડી છે.

શિયાળો જામતો જાય છે. નવેમ્બર માસના અંતિમ પખવાડિયામાં ગુલાબી ઠંડી જામી હતી. હવે ડિસેમ્બર માસની શરૂઆતમાં જ ઠંડી જામી રહી છે વહેલી સવારે અને રાત્રે જો ઘરમાંથી ઘરમાંથી બહાર નીકળવું હોય તો ગરમ વસ્ત્રો પહેરીને જ નીકળવું પડતું હતું. પરંતુ હવે તો દિવસે પણ ગરમ વસ્ત્રો પહેરીને નીકળવું પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. મહત્તમ તાપમાન ધીમે ધીમે ઘટતા દિવસે ઠંડક વધી રહી છે. તેમાં પણ ઠંડા પવનોએ ઠંડીનું જોર વધાર્યું છે. મહત્તમ તાપમાન ૨૯.૦ ડિ.સે. સુધી પહોંચી જતાં આજે વસાહતીઓએ તડકાની હૂંફ મેળવી હતી.

બાપાનો હુંકાર - ગાંધીનગર ખાતે ગુજરાત પરિવર્તન પાર્ટીના સુપ્રીમો કેશુભાઈ પટેલે નવજોત સિદ્ધુના વિધાનને પડકારતાં કોર્ટમાં ફરિયાદ કરવાની જાહેરાત કરી હતી. દેશદ્રોહી શબ્દ સામે બાપાએ ભારે આક્રોશ ઠાલવ્યો હતો. (તસવીર : દિપક જાની)

નરહરી અમીનને મનાવવા કેન્દ્રીય મંત્રી રાજીવ શુક્લાને ગુજરાત દોડાવાયા

ગાંધીનગર, તા. ૧

ગુજરાત કોંગ્રેસના નારાજ નેતા નરહરી અમીનને મનાવવા માટે કોંગ્રેસે રાષ્ટ્રીય નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. જો કે હજુ સુધી અમીનને મનાવવામાં કોંગ્રેસના નેતાઓને કોઈ સફળતા મળી નથી.

ટીકીટ ન મળતા નારાજ નરહરી અમીને કોંગ્રેસ નેતાગીરી સામે મોરચો માંડીને પક્ષ સાથે છેડો ફાડવાની ચીમકી આપતાં કોંગ્રેસ નેતાગીરી દોડતી થઈ ગઈ છે.

નરહરી અમીનને મનાવવા માટે આજે કેન્દ્રીયમંત્રી રાજીવ શુકલા ગુજરાત દોડી આવ્યા છે. બંધ બારણે નરહરી અમીન સાથે ચર્ચા કરીને તેમની રજુઆતો સાંભળી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નરહરી અમીનને બીસીસીઆઈના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પદ આપવાની ઓફર કરવામાં આવી છે. જો કે હજુ સુધી અમીને કોઈ પ્રત્યુત્તર ન આપતાં કોંગ્રેસ નેતાઓને કોઈ સફળતા મનાવવામાં મળી નથી.

બીજી બાજુ હાઈકમાન્ડ આ વખતે કોઈપણ નારાજ નેતાઓ સામે ઝુકવા માંગતું નથી અને હાઈકમાન્ડ પોતાના નિર્ણયમાં અડગ રહેવા મક્કમ હોવાનું મનાઈ રહ્યું છે.

ચૂંટણી ચમકારા

- ગાંધીનગરમાં કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી શંકરસિંહ વાઘેલાએ સ્ટાર પ્લસ ન્યૂઝ ચેનલને ખાસ મુલાકાત આપી હતી. જેમાં તેમણે કોંગ્રેસને ૧૦૦ ઉપરાંત બેઠકો મળવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.
- સાબરકાંઠા અને બનાસકાંઠાની ભાજપની ચૂંટણી જાહેર સભાઓમાં હાજરી પાંખી હોવાના અહેવાલોથી ભાજપમાં ચિંતાનું મોજુ.
- ગાંધીનગર (ઉત્તર)ના બંને ઉમેદવારો ભાજપના અશોક પટેલ સાંજે વરદાયીની માતાના દર્શન કરી પ્રચારનો આરંભ કર્યો જ્યારે કોંગ્રેસના સુરેશ પટેલે સવારની આરતીમાં હાજરી આપી રૂપાલથી જ પ્રચારના શ્રીગણેશ કર્યા હતા.
- ગાંધીનગરના કોંગી આગેવાનો આજે બાયડ અને કપડવંજની મુલાકાતે ગયા હતા.
- સેક્ટર-૨૪માં ભાજપની જાહેરસભામાં અનંતકુમાર દોઢ કલાક મોડા પહોંચ્યા હતા.
- ગાંધીનગર માટે નિમાયેલા પાંચ સામાન્ય નિરીક્ષકોએ આજે અધિકારીઓ સાથે તેમણે મતવિસ્તારની ભૌગોલિક પરિસ્થિતીની જાણકારી મેળવી હતી તેમજ તેમણે મતદાન મથકોને લઈ કરાયેલી વ્યવસ્થાની પણ જાણકારી મેળવી હતી.
- અમદાવાદ ખાતે નરહરિ અમીને યોજેલા શક્તિ પ્રદર્શનમાં ગાંધીનગર દક્ષિણના ૫૦થી વધુ આગેવાનો હાજરી આપનાર છે.

ઠંડીના પ્રમાણમાં એકાએક વધારો

સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળવાની સંભાવના

અમદાવાદ, તા. ૧

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ઠંડીના પ્રમાણમાં આજે નોંધપાત્ર વધારો થયો હતો. રાત્રે કડકડતી ઠંડી પડતા રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા. ઠંડીથી રક્ષણ મેળવવા લોકોએ રૂમ હિટરોનો ઉપયોગ કર્યો હતો જ્યારે ગરીબ લોકોએ તાપણાનો આશરો લીધો હતો જ્યારે દિવસે પણ લોકોએ ગરમ વસ્ત્રો પહેર્યા હતા. રાજ્યના ૧૧ શહેરોમાં લઘુતમ તાપમાન ૧૪ ડિગ્રીથી ઓછું નોંધાયુ છે. રાજ્યમાં આજે સૌથી વધુ ઠંડી નલિયામાં ૭.૭ ડીગ્રી સેલ્સિયસ નોંધાઇ હતી.હવામાન વિભાગે ચેતવણી ઉચ્ચારી છે કે આગામી એક રાત સૌરાષ્ટ્રના તમામ જિલ્લા અને કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજુ ફરી વળવાની શકયતા છે. હવામાન વિભાગની આગાહી છે કે આવતીકાલે રાજ્યના તમામ જિલ્લા દીવ, દમણ અને દાદરા-નગર-હવેલીમાં ઠંડીનું પ્રમાણ ચાલુ રહેશે અને અમદાવાદમાં આકાશ સ્વચ્છ રહેશે તથા લઘુત્તમ તાપમાન ૧૪ ડિગ્રીની આસપાસ રહેવાની શકયતા છે. અમદાવાદમાં શહેરમાં આજે મહત્તમ તાપમાન સરેરાશ કરતા બે ડિગ્રી ઓછું એટલે કે ૨૮.૫ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૧૩.૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાં ભેજનું પ્રમાણ સવારે ૮.૩૦ વાગે ૫૫ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૩૨ ટકા નોંધાયું હતું. રાજ્યમાં લઘુત્તમ તાપમાન વડોદરામાં ૧૫.૬, રાજકોટમાં ૧૩, સુરતમાં ૧૬.૬, ભુજમાં ૧૧.૭, નલીયામાં ૭.૭ ડીગ્રી, સેલ્સિયસ નોંધાયું હતું.

મકાન ભાડે આપવાનું છે

૨૦૦ ચો.મી.નું ઉપરના માળે. ૨ બીએચકે, હોલ, કીચન, ગેલેરી. સેક્ટર-૭, ચ-રોડ પાસે.

-: સંપર્ક :-

મો. ૯૪૨૭૦૦૭૩૪૪

TVના રીમોટ મળશે

આપનું કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે

સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

બેસણું



અમારા પૂજ્ય પિતાશ્રી **સૂરજભાણસિંહ પ્રતાપસિંહ શેખાવત**નું અવસાન તા. ૨૮-૧૧-૨૦૧૨ને બુધવારના રોજ થયેલ છે, **સદ્ગતનું બેસણું તા. ૩-૧૨-૨૦૧૨ના રોજ સોમવારે સવારે ૮ થી ૧૧** નીચેના સરનામે રાખેલ છે.

સરનામું : પ્લોટ નં. ૭૪૯, આદર્શનગર, પીળો પટ્ટો, સેક્ટર-૨૪, ગાંધીનગર.

લી. કુંવર હર્ષભાણસિંહ શેખાવત (પુત્ર)
ડો. અનુરાધાબા શેખાવત (પત્ની)

નિમંત્રણ

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ તેમજ શહેર રાજપૂત સમાજ દ્વારા રવિવાર તા.૨/૧૨/૨૦૧૨ બપોરે ૨ વાગે સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરેલ હોઈ રાજપૂત સમાજના શહેર તથા ગુજરાતમાં વસતા સમાજના ઝવેરીઓ, સમાજના આજુબાજુ સભ્યશ્રીઓ, દાતાઓ તથા સુવા ભાઈઓ તથા બહેનો ને આજના કાર્યક્રમમાં હાજર રહેવા નિમંત્રણ છે.

ગાંધીનગર જિલ્લા રાજપૂત સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા સામૂહિક ૫૬મો સમૂહલગ્ન મહોત્સવ તા. ૧૬/૨/૨૦૧૩ રવિવારના રોજ રાખેલ હોઈ તે અંગેના ફોર્મ તા.૩૧/૫/૨૦૧૩ સુધી સમાજવાડા કાર્યાલય ખાતે સ્વીકારવામાં આવશે.

રાજપૂત સમાજનું વર્ષ ૨૦૧૩ના કેલેન્ડરમાં જાહેરાત આપવા માટે તા.૧૦/૧૨/૨૦૧૨ સુધી કાર્યાલય પર મળવું

પી.પી. સિંધોલા — જયેન્દ્રસિંહ જે. પરમાર (મંત્રી)
પ્રમુખ શ્રી રાજપૂત સમાજ ગ્રુપ ગાંધીનગર જુથના રાજપૂત સમાજ
૯૮૨૪૩ ૪૩૨૪૫ — ૯૮૯૦૩૦૦૮૬૩

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com